# ચાવી બનાવાના બહાને કળા કરતા બે ચીગલીગરો ઝડપાયા.

તા.૧૦/૦૧/૨૦૧૭

ચાવી બનાવવાના બહાને કસબ અજમાવતા બે રીઢા ચીકલીગરોને ક્રાઇમ બ્રાંચે ઉધના પાસેથી પકડી પાડયા હતા. આ સાથે પૂણાની ર.૫૦ લાખની ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો હતો.

મળતી વિગતો પ્રમાણે ક્રાઇમ બ્રાંચની ટીમ પીઆઇ કેપ્ટનના માર્ગદર્શન હેઠળ ઉધના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે પોલીસ કર્મચારીઓને બાતમી મળી હતી કે બે રીઢા ચીકલીગર ચોર હરિનગરમાં ગુરુદ્વારા પાસેથી પસાર થવાના છે. પોલીસે વોચ ગોઠવી કપ્તાનસીંગ જામસીંગ પટવા ઉ.વ.૩૦ રહે. નીલગીરી સર્કલ પાસે લીમ્બાયત, મુળ એકતાનગર, નવલારોડ, નંદુરબાર અને સમ્રાટસીંગ ઉદયસીંગ તેલપીટીયા ઉ.વ.ર૩ રહે. દત્તનગર, વડોદરાને ઝડપી પાડયા હતા.

પોલીસે તેઓ પાસેથી રૂપિયા ૬૩,૧૩૮ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે આ બન્ને ચીકલીગર રીઢા ગુનેગાર છે. ચાવી બનાવવા ઘરમાં ઘુસી કસબ અજમાવી નજર ચુકવી ચોરી કરી છે. આ સાથે પુણાની ર.૫૦ લાખના ઘરેણાની ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો છે. કપ્તાનસીંગ અગાઉ પણ કતારગામમાં બનેલા ચોરીના ગુનામાં ડીસીબીના હાથે પકડાઇ ચૂકયો છે.